## ગ્લોબલ રોમીંગ

# કાર ચલાવતા છીંક આવે તો....



ચાલુ વાહને મોબાઈલ ફોન વાપરનારાઓ સામે દેશ-વિદેશમાં ઝુંબેશ ચાલી રહી છે, કારણ કે તેઓ જીવલેણ પણ બની શકે છે. મોબાઈલ પર ઉત્તેજક કે ઉશ્કેરાટભરી વાતો થતી હોય તો? કાર ચલાવતા છીંક આવે તો....? હજી તેની સામે ઝુંબેશ નથી શરૂ થઈ, પણ ૬૨ વર્ષના મેરી જેન એમેલિયોનો કિસ્સો જોયા પછી લાગે છે કે ભવિષ્યમાં આવી ઝૂંબેશ શરૂ પણ થાય.

અમેરિકાના ન્યૂયોર્ક રાજયના ન્યૂ હાર્ટ ફોર્ડ વિસ્તારમાં મેરીબેન કાર ચલાવતા હતા અને આમ કોઈ સમસ્યા ન હતી કારણ કે તેમની પાસે પાકું લાયસન્સ હતું અને તેમને કાર ચલાવતા આવડતું પણ હતું, પણ કોણ જાણે તેમના નાકમાં કળિયુગ પેંઠો હોય તેમ તેમને ઉપરાછાપરી છીંક આવવા માંડી અને સ્ટીયરીંગ બેકાબુ થયું એટલે મેરીબેને એક, બે, ત્રણ, ચાર ઝાડ સાથે ગાડી અથડાવી. એક વાડમાં કાર ઘુસી ગઈ અને અટકી ગઈ. માર્ગમાં બે ખેડૂત કારથી બચવા બેકાબૂ થઈને ભાગ્યા તે અલગ. એક ખેડૂત સડક પરથી બાજુના ખાડામાં ગબડી પડયો. પોલીસે મેરીબેનને કારની બહાર કાઢી પૂછપરછ કરી તો તેમણે મોટા ભાગના પ્રશ્નોના જવાબ છીંકમાં આપ્યા!

# મહિલા પોલીસને પૂછયા વિના તેના પ્રેમમાં પડાય?

ચીલીની રાજધાની સાંનિયાગોના દક્ષિણ ઝોનના એક પોલીસ સ્ટેશનની મહિલા પોલીસ સાથે એકતરફી પ્રેમ કરવાનું એક વેપારીને ભારે પડયું છે. ૨૮ વર્ષના અપરિણિત આ વેપારી રોબર્ટને મહિલા પોલિસ મારિયા મળી ત્યારે તે સિવિલ ડ્રેસમાં હતી અને રોબર્ટે એક ડીપાર્ટમેન્ટલ સ્ટોરમાં તેની પાછળ જઈ પ્રેમનો પ્રસ્તાવ મૂક્યો.




મારિયાએ સવિનય ના પાડી પણ રોબર્ટ તેની પાછળ હાથ ધોઈને પડી ગયો અને કયાંકથી તેનો મોબાઈલ નંબર મેળવ્યો અને ફોન કરવા માંડયો. મારિયાએ કહ્યું કે, આપણા બેનો મેળ પડી શકે એમ નથી, પણ માને તો રોબર્ટ નહીં. મારિયાએ છેલ્લે એક નવો દાવ અજમાવ્યો. સિવિલ ડ્રેસમાં તેને એક રેસ્ટોરાંમાં બોલાવ્યો અને પોતાની ઓળખ આપી પણ રોબર્ટ પાછો ફરવા તૈયાર ન થતાં બે પોલીસો આવીને રોબર્ટને ઊંચકી ગયા અને એક મહિલા સામે અજુગતી માંગણી કરવાના આરોપસર તેની સામે અદાલતમાં કેસ માંડયો છે. કેસ પુરવાર થશે કે નહીં તે ખબર નથી, પણ રોબર્ટ ભાઈને પોલીસો સમક્ષ ખુલાસો કરતાં દમ નીકળી ગયો છે. પરિણામે તે પ્રેમ શબ્દ સાંભળીને ભડકવા માંડયો છે.

# હાય! હાય! આ તો કેળું?!



મનોચિકિત્સકોએ જાત જાતના ભય-ફોબિયા નોંધ્યા છે. તેમાં ફ્રેનબેન ડેન્ડોનો કેળાંનો ભય સામેલ થયો છે કે નહીં તે સંશોધનનો વિષય છે.

બે વર્ષના બાળકની માતા ફ્રેન ડેન્ડો 'કેળું' શબ્દ સાંભળી ભડકે છે; તેને પસીનો થવા માંડે છે, ગભરામણ થાય છે અને કયારેક તો તે સુદ્ધબુદ્ધ પણ ગુમાવી બેસે છે અને તબીબને પણ બોલાવવા પડે. પણ, થોડી વાર પછી મનોચિકિત્સકોએ હિપ્નોથેરપી સહિતની જુદી જુદી સારવાર પધ્ધતિ અપનાવી જોઈ, પણ ફ્રેન ડેન્ડોનો કેળાં પ્રત્યેનો ભય ઘટયો નથી.

કસોટી હવે શરૂ થઈ છે. ફ્રેનનો બે વર્ષનો દીકરો વાર્તા સાંભળે તેમાં કયાંય કેળું નહીં આવે તેની ફ્રેન કાળજી રાખે છે, પણ પુસ્તકમાં કેળું આવે તો ફ્રેનના ડોળા ચડી જાય છે. આમ છતાં તે એ શબ્દ ઉચ્ચારી તો લે છે પણ અસ્વસ્થ થઈ જાય છે.

તે કહે છે કે, મારા દીકરાનો શું વાંક? હું મારા દીકરાને ચાહું છું એટલે મારા માનસિક રોગ છતાં હું કેળાંનો શબ્દ ઉચ્ચારી લઉં છું.

તે સાત વર્ષની હતી ત્યારે તેની પથારીમાં ચાદર નીચે કેળું સંતાડી દીધું હતું અને કેળું ચગડાઈ જતાં જે લોંદા વિખેરાયા હતા તેનાથી ફ્રેન ડરી ગઈ હતી.

મનોચિકિત્સકોએ કહ્યું કે, આવો ડર અસ્વાભાવિક છે. તે દિવસો પૂરતું ડર કે અણગમો હોય તે સમજી શકાય, પણ આટલી મોટી ઉંમરે પણ આવો ડર ચાલુ રહે? અશકય નહીં તોય અસંભવ છે. પરિવારજનો પણ તેની લાગણીને ધ્યાનમાં રાખી કેળાંનો ઉલ્લેખ કરવાનું ટાળે છે.

## ટેલપીસ

**હે મૂષકરાજ! મારા ભકતો મને વિઘ્નહર્તા ગણાવી મારા નામે જ કેટલા વિઘ્નો સમાજમાં પેદા કરે છે? હવે તેમનું શું કરવું?**

**– શ્રી ગણેશ ઉવાચ**

# લાખો ટન અનાજ સડે છે અને લાખો કરોડો લોકો ભૂખ્યા રહે છે..

## આરપાર

એક તરફ લાખો ટન અનાજ સડી રહ્યું હોય અને બીજી તરફ કરોડો માણસો ભૂખમરો વેઠી રહ્યા હોય ત્યારે ગરીબોને અનાજ વિતરણ બાબતમાં સુપ્રિમ કોર્ટે દરમ્યાન થવું પડે એવું તો આપણા જ દેશમાં બને! કોઈપણ દેશને વિકાસ કરવા માટે અન્ન સુરક્ષા અને અન્ન ઉત્પાદન અનિવાર્ય શરતો છે. દેશમાં અનાજ સાચવવા માટે ફૂડ કોર્પોરેશન ઓફ ઈંડિયા અને રાજય સરકારો પાસે ૩.૭ કરોડ ટનની સંબંધ ગોદામની સગવડ છે. જયારે ઉત્પાદન ૫.૫. કરોડ ટનનું દર વર્ષે થાય છે સરકારી સંસ્થાઓ પાસે પ્લિંથ અને છાપરા અને માત્ર પ્લિંથની ગોદામની સગવડ છે પણ તે ૧.૩ કરોડ ટન અનાજ સાચવવા માટે પુરતી નથી કારણ કે તેનાથી હવામાન સામે કોઇ રક્ષણ મળતું નથી. ઈ.સ. ૨૦૦૦ની સાલથી પંજાબે ૭૦.૧૨ લાખ ટનની ક્ષમતા વધારી તો હરિયાણાએ ૩૮.૮ લાખ ટનની ક્ષમતા વધારી પણ છેલ્લા ત્રણ વર્ષમાં માત્ર આઠ લાખ ટનની જ ક્ષમતા વધી છે. અને એ કંઈ ખાસ વધારો ન કહેવાય. ખેતરમાં અનાજ લણવામાં આવે ત્યાંથી ઉપભોકતાના ઘર સુધી પહોંચે ત્યાં સુધીમાં બંધ ગોદામમાંથી ૧૦ ટકા ખુલ્લા ગોદામમાંથી ૨૦ ટકા સરેરાશ ૧૫ ટકા એટલે કે ૭૫ લાખ ટન એટલે કે રૂા. ૧૧૨૫૦ કરોડનું અનાજ દર વર્ષે વેડફાઇ જાય છે. એકતા ફૂડ કોર્પોરેશન ઓફ ઈંડિયાએ રૂા. ૪૫૦ની ખોટ ગઇ હોવાની રાવ ખાધી હતી.

આવું કેમ બને છે?

ફૂડ કોર્પોરેશન ઓફ ઈંડિયા અને અદાણી લોજિસ્ટીકસ દ્વારા છ લાખ ટનની ક્ષમતા વાળા સાફ સુથરા ઉભા ગોદામ બનાવવાનો પ્રોજેકટ હાથ ધરાયા છે જેમાં ૨૦ વર્ષ સુધી નિશ્ચિત આવક થાય પણ આવા ગોદામાંનું ઝપડી સિસ્ટમ પણ નથી થતું. કારણ કે તેની મંડી ઓ સાથે ઝાઝી કડી નથી. આવા ગોદામ મંડીથી નજીક (બે ત્રણ કિલોમીટરમાં હોવા જોઈએ. પણ તેને બાંધવા પુરતા પૈસા નથી તેની સાથે રેલવેનું જોડાણ પણ હોવું જોઈએ.

અત્યારે પંજાબમા ૧૭૦૦ ગંદી ગુણમાં અનાજ ભરે છે. આ અનાજ માટે ગુણ છોડવી પડે છે ગુણવત્તા અનુસાર અનાજ છૂટું પાડી પાછી ગુણ ભરવામાં આવે છે.

અત્યારે પણ અનાજ બજારમાં આડતિયાઓની બોલ બાલા છે. અને આ આડતિયાઓ ઘણીવાર ખેડૂતોને ધિરાણ પણ આપે છે. બેંકોનું રાષ્ટ્રીયકરણ થયું. ખેડૂતો માથે ધિરાણ આપવાની સવલત થઇ હોવાનો દાવો થાય છે પણ ખેડૂતો માટેની ધિરાણની પ્રક્રિયા હજી સરળતા માંગે છે.

અને ખેડૂતો હજી આડતિયારૂપી શાહુકારોના ચકકરમાં ફસાય છે. ફસાવું પડે છે. તેમને માટે બીજો કોઇ આરો ઓવારો નથી રહેતો. આડતિયાઓ માર્કેટ ફી ગપચાવી જાય છે. તોલમાં ઘાલમેલ કરી ખેડૂતોને ખોટના ખાડામાં ઉતારે આ પ્રથા આમ તો જૂની છે. તે જોડવામાં આવે તો ખેડૂતોને સાફ સુથરા ગોદામમાં માલ રાખવાનું પરવડે પણ આકાર કોણ કરશે?

બેઠા ઘાટના ગોદામોનું અલગ અત્યારે વધારે છે. ઉભા ઘાટના ગોદામમાં જગ્યા ઓછી વપરાય છે. અને ઊંચાઇ વધુ હોય છે પણ બેઠા ઘાટના ગોદામમાં જગ્યા વધુ વપરાય છે અને અનાજની ગુણના થપ્પા પડે છે. વિસ્તારમાં ફેલાયેલા હોય છે. પણ અનાજની ગુણના થપ્પાને કારણે જંતુનાશક ધુમાડો બધે નથી પહોંચી શકતો અને અનાજ બગડવાની સંભાવના ઉત્તરોત્તર વધતી જાય છે.

બેઠાઘાટના અનાજ ગોદામમાં ભેજનું વજન વધારવા - તોલમાપમાં ઘાલમેલ કરવા અનાજ પર પાણી છાંટવાની પ્રથા છે. કર્નાલ રીસર્ચ ઈન્સ્ટીટયૂટના વિજ્ઞાનીઓ કહે છે કે ભીના ઘઉંને ખુલ્લામાં સૂકવવામાં આવે, ફરી પાછા ભરવામાં આવે અને વિતરણ કરવામાં આવે ત્યારે તેમાં ઝેરી તત્ત્વ વધે છે. આવું અનાજ અખાદ્ય ગણાય.

સસ્તા ગણાતા આવા ગોદામ સરવાળે મોંઘા પડે છે - આ પ્રથામાં માત્ર વચેટિયાઓ ફાવી જાય છે.

બીજું એક વહીવટી કારણ એવું છે કે સરકાર તેમાં સુધારો કરવા ધારે તો કરી શકે પણ દેખાય છે તેટલું સરળ નથી - તેની ખાઇ બદેલી સિસ્ટમ સાફ - સુથરા ગોદામની આધુનિક સિલોસિસ્ટમમાં જાત પ્રમાણે માલ ભરવાની જોગવાઈ છે. ઓડિટ પધ્ધતિ એવી છે કે ખાઇ બદેલું તંત્ર સરકારની આંખમાં ધૂળ નાંખી શકે છે. ગોદામનું રોકાણ પાછું મળતું થયું છે કે નહીં તે જ ખબર નથી પડતી. જમીનના ભાવ વધતા જાય છે, મોંઘવારી વધતી જતી હોવાથી સસ્તી મજૂરી મળવાનું મુશ્કેલ બન્યું છે. જાહેર / ખાનગી ભાગીદારીની આવશ્યકતા છે, પણ સરકારી તંત્ર જોતાં ખાનગી સાહસિકો આગળ નથી આવતા. આ સંજોગોમાં સિલો ગોદામનો ફેલાવો ઝાઝો થઇ શકતો નથી અને અનાજ ખુલ્લામાં સડી રહ્યું છે અને ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ વધુ તેજ થઇ રહ્યો છે.

**બેઠાઘાટના અનાજ ગોદામમાં ભેજનું વજન વધારવા - તોલમાપમાં ઘાલમેલ કરવા અનાજ પર પાણી છાંટવાની પ્રથા છે. કર્નાલ રીસર્ચ ઇન્સ્ટીટયૂટના વિજ્ઞાનીઓ કહે છે કે ભીના ઘઉંને ખુલ્લામાં સૂકવવામાં આવે, ફરી પાછા ભરવામાં આવે અને વિતરણ કરવામાં આવે ત્યારે તેમાં ઝેરી તત્ત્વ વધે છે. આવું અનાજ અખાદ્ય ગણાય.**

## અનાજ સાચવણીના કામ સામે અનેક જીવાત

# યુનાઇટેડ બેન્ક ઓફ ઇન્ડિયામાં પ્રોબેશનરી ઓફિસરની ભરતી

## કેરીયર ડાયજેસ્ટ

**★ યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયામાં ભરતીઃ-**

યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા પ્રોબેશનરી ઓફિસર્સની જગ્યા પર ભરતી થઇ રહી છે. આ માટે પગારધોરણ માસિક રૂા.૧૪,૫૦૦-૨૫,૭૦૦ છે. અહીં ૩૭૦ જગ્યાઓ છે. ભરતીની આ જગ્યાઓમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / અન્ય પછાત વર્ગ તથા જનરલ કેટેગરીનાં ઉમેદવારો માટે અલગ અલગ જગ્યાઓ ફાળવવામાં આવી છે. શારીરિક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવારો માટે અલગથી ૩૩ જગ્યાઓ ફાળવવામાં આવી છે.

**લાયકાતઃ** અહીં લઘુત્તમ ૫૫ ટકા સાથે કોઇ પણ વિદ્યાશાખામાં સ્નાતક કે અનુસ્નાતકની ડિગ્રી ધરાવતાં ઉમેદવારો અરજીપાત્ર છે. અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / અન્ય પછાતવર્ગ / શારીરિક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવારો માટે સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ ૫૦ ટકા માર્કસ જરૂરી છે. આ ઉપરાંત દરેક ઉમેદવારો રાજ્ય / કેન્દ્ર સરકાર માન્ય સંસ્થામાંથી લઘુત્તમ છ માસનો કોમ્પ્યુટર કોર્સ કર્યો હોવો જરૂરી છે.

**વયમર્યાદાઃ** તા.૧-૭-૨૦૧૦નાં રોજ ઉમેદવારની વય ૨૧ થી ૩૦ વર્ષ હોવી જરૂરી છે.

ઉપલી વયમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિનાં ઉમેદવારોને પાંચ વર્ષ, અન્ય પછાત વર્ગને ત્રણ વર્ષ તથા શારીરિક ખોડખાંપણ ધરાવતાં જનરલ કેટેગરીનાં ઉમેદવારોને દસ વર્ષ, ઓબીસી-૧૩ વર્ષ તથા એસ.સી. / એસ.ટી.ને ૧૫ વર્ષ સુધીની છુટ મળવાપાત્ર છે.

**પસંદગીપ્રક્રિયાઃ** અહીં ભરતી માટેની લેખિત પરીક્ષાની સંભવિત તા.૧૪-૧૧-૨૦૧૦ છે. તથા ગુજરાતમાં પરીક્ષાકેન્દ્ર અમદાવાદ રહેશે. પરીક્ષામાં રીજનીંગ, કવોન્ટિટેટીવ એપ્ટિટ્યૂડ, જનરલ અવેરનેસ, અંગ્રેજી ભાષાનાં હેતુલક્ષી પ્રશ્નો તથા અંગ્રેજી ભાષાની ડિસ્કીપ્ટીવ ટેસ્ટ યોજાશે. પરીક્ષાની તૈયારી અંગેનાં સાહિત્યની માહિતી માટે જવાબી પોસ્ટકાર્ડ સાથે વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ગંગાજળીયા તળાવ, ભાવનગર પર પત્રવ્યવહાર કરવો.

**અરજીપત્રઃ** અહીં ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરવાની છે. ઓનલાઇન અરજી માટે ક્લીક કરોઃ

www.unitedbankofindia.com

માહિતી માટે તા.૧૪ ઓગષ્ટ, ૨૦૧૦નું એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ જોવું.

ઓનલાઇન અરજીની છેલ્લી તા. ૮ સપ્ટેમ્બર, ૨૦૧૦ છે.

**★ એરફોર્સ ટેકનિકલ શાખામાં ભરતીઃ-**

ઈન્ડિયન એરફોર્સમાં ટેકનિકલ શાખામાં પરમેનન્ટ કમિશનમાં પુરૂષ ઉમેદવારોની તથા શોર્ટ સર્વિસ કમિશનમાં મહિલા ઉમેદવારોની ભરતી થઇ રહી છે. ટેકનિકલ શાખા અંતર્ગત આ ભરતી (૧) એરોનોટિકલ એન્જિનિયર (ઈલેક્ટ્રોનિક્સ) તથા (૨) એરોનોટિકલ એન્જિનિયર (મિકેનિકલ) માટે થશે. અહીં ભરતી થનાર ઉમેદવારને ફલાઈંગ ઓફિસર તરીકે માસિક રૂા. ૧૫,૬૦૦-૩૯,૧૦૦ પગારધોરણ મળવાપાત્ર છે.

**લાયકાતઃ (૧) એરોનોટિકલ એન્જિનિયર (ઈલેક્ટ્રોનિક)** શાખા માટે ૬૦ ટકા સાથે ફિઝીક્સ / એન્જિનિયરીંગ ફિઝીક્સ, મેથેમેટીક્સ / એન્જિનિયરીંગ મેથેમેટીક્સ / એન્જિનિયરીંગ ગ્રાફિક્સ / એન્જિનિયરીંગ ડ્રોઇંગ / ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ / ઈલેક્ટ્રીકલ ટેકનોલોજી / કન્ટ્રોલ એન્જિનિયરીંગ / માઇક્રોપ્રોસેસર / ડિજિટલ ઈલેકટ્રોનિક્સ / બેઝીક ઈલેકટ્રોનિક્સ / કોમ્પ્યુટર નેટવર્ક / ઈન્ફર્મેશન ટેકનોલોજી / નેટવર્ક થિયરી ડિઝાઈન / ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમ / ઈલેક્ટ્રોનિક સર્કિટ ડિઝાઈન / રડાર થિયરી / સ્વીચીંગ થિયરી / ઈન્સ્ટ્રુમેન્ટેશન / માઈક્રોવેવ એન્જિનિયરીંગ / એન્ટેના એન્ડ વેવ પ્રોયેગેશન / ઈલેક્ટ્રોનિક ડિવાઈસમાં ચાર વર્ષ સ્નાતક ડિગ્રી ધરાવતાં અથવા ઈજનેરી સમક્ષ AMIE સેકશન એ અને બી પરીક્ષા પાસ અરજીપાત્ર છે.

**(૨) એરોનોટિકલ એન્જિનિયર (મિકેનિકલ)** શાખા માટે ૬૦ ટકા સાથે ફિઝીક્સ / એન્જિનિયરીંગ ફિઝીક્સ / એન્જિનિયરીંગ મેથેમેટીક્સ / મેથેમેટીક્સ / એન્જિનિયરીંગ ડ્રોઇંગ / ગ્રાફિક / ઓટોમોટીવ એન્જિનિયરીંગ / પ્લાન્ટ એન્જિનિયરીંગ / ઈન્ડસ્ટ્રીયલ એન્જિનિયરીંગ / એન્જિનિયરીંગ મિકેનિક / સ્ટ્રેંગ્થ ઓફ મટીરીયલ / એરોડાયનામિક / થર્મોડાયનામિક્સ એન્ડ એપ્લીકેશન / હિટ પાવર એન્જિનિયરીંગ / હિટ એન્ડ માસ ટ્રાન્સફર / થિયરી ઓફ મશીન (કાયનેમેટીક્સ એન્ડ ડાયનામિક્સ ઓફ મશિનરી) / ફલુડ મિકેનિક / ટર્બો મશિન્સ / ફલાઈટ મિકેનિક / મશિન ડ્રોઇંગ / મશિન ડિઝાઈન / મેકાટ્રોનિક્સ / મટિરીયલ સાયન્સ / મેટલર્જી / વાઈબ્રેશન / વર્કશોપ ટેકનોલોજી / મેન્યુફેકચરીંગ ટેકનોલોજી / પ્રોડકશન એન્જિનિયરીંગ / હાઈડ્રોલિક્સ એન્ડ પિન્યુમેટીક્સ / એરકાફટ સ્ટ્રકચરમાં ચાર વર્ષ સ્નાતક ડિગ્રી અથવા ઈજનેરી સમક્ષ AMIE સેકશન એ અને બી પરીક્ષા પાસ જરૂરી છે.

**નોંધઃ** અહીં ડિગ્રી અભ્યાસનાં છેલ્લા વર્ષમાં ભણતાં ઉમેદવારો પણ અરજી કરી શકે છે.

**વયમર્યાદાઃ** ઉમેદવારની વય ૧૮ થી ૨૮ વર્ષ હોવી જરૂરી છે. એટલે કે જન્મ તા. ૨ જુલાઇ, ૧૯૮૩થી ૧ જુલાઇ, ૧૯૯૩ વચ્ચે થયો હોવો જરૂરી છે.

**શારીરિક ધોરણઃ** પુરૂષો માટે ઊંચાઇ ૧૫૭.૫ સે.મી. તથા મહિલાઓ માટે ૧૫૨ સે.મી. જરૂરી છે.

**પસંદગી પ્રક્રિયાઃ** અહીં ૨૪ ઓકટોબર, ૨૦૧૦નાં રોજ એન્જિનિયરીંગ નોલેજ ટેસ્ટ ગુજરાતમાં અમદાવાદ, વડોદરા ખાતે યોજાશે.

**અરજીપત્રઃ** આ અંગે વિશેષ માહિતી-અરજીપત્ર માટે તા.૭ ઓગષ્ટ, ૨૦૧૦નું એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ જોવું અથવા ક્લીક કરોઃ

www.careerairforce.nic.in

અરજીપત્ર ગાંધીનગરનાં સરનામે પહોંચાડવાની છેલ્લી તા.૭ સપ્ટેમ્બર, ૨૦૧૦ છે.

**★ કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજનાઃ-**

ભારત સરકારનાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા વિજ્ઞાન, એન્જિનિયરીંગ અને મેડિસીનનાં અભ્યાસ કરતાં તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રતિમાસ રૂા. ૪૦૦૦ થી રૂા. ૭૦૦૦ સુધીની ફેલોશીપ આપવામાં આવે છે. આ ફેલોશીપનો આશય વિદ્યાર્થીઓને શોધ-સંશોધનમાં રસ લેતા કરવાનો છે અને તેજસ્વી વિદ્યાર્થીઓની શક્તિ ખીલવવાનો છે. જો તમને પણ શોધ સંશોધનમાં રસ હોય તો હાલ આ કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજનાં હેઠળ ફેલોશીપ મેળવવાની તક ઝડપી શકો છો.

**બેઝીક સાયન્સ**

**(૧) સ્ટ્રીમ એસ.એ.:** અંતર્ગત જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવ્યો હોય અને ધો-૧૦ની બોર્ડની પરીક્ષામાં ગણિત અને વિજ્ઞાન વિષયમાં લઘુત્તમ ૭૫ ટકા (એસ.સી. / એસ.ટી. ૬૫ ટકા) ગુણ મેળવ્યા હોય તેમનો સમાવેશ થાય છે.

**(૨) સ્ટ્રીમ એસબી+૨ (એસ.એક્સ):** અંતર્ગત એવા વિદ્યાર્થીઓ કે જેઓ વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં બી.એસ.સી. ડિગ્રી / એમ.એસ.સી. ઈન્ટિગ્રેટેડ (બેઝીક સાયન્સ સ્નાતક અભ્યાસ)માં પ્રવેશ મેળવવાનાં હોય અને હાલમાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧નાં વર્ષમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભણતા હોય તથા ધોરણ-૧૦માં ગણિત અને વિજ્ઞાનમાં ૭૫ ટકા (એસ.સી. / એસ.ટી. ૬૫ ટકા) ગુણ ધરાવતા વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે.

**(૩) સ્ટ્રીમ એસ.બીઃ** જે વિદ્યાર્થીએ બોર્ડની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં વિજ્ઞાનનાં વિષયોમાં ૬૦ ટકા (એસ.સી. / એસ.ટી. ૫૦ ટકા) ગુણ મેળવ્યા હોય તથા હાલમાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમિયાન બી.એસ.સી. / ઈન્ટિગ્રેટેડ એમ.એસ.સી. અભ્યાસમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ અરજીપાત્ર છે.

**(૪) સ્ટ્રીમ એસ.પી. (બેઝીક સાયન્સ):** જે વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ધોરણ-૧૧ / ૧૨ અથવા બી.એસ.સી. / ઈન્ટિગ્રેટેડ એમ.એસ.સી. પ્રથમ કે દ્વિતીય વર્ષ અથવા ઈજનેરી / ટેકનોલોજી કે આર્કિટેકચર સ્નાતક ડિગ્રી અભ્યાસ પ્રથમ કે દ્વિતીય વર્ષમાં ભણતા હોય તથા ધોરણ-૧૦ અને ૧૨માં ૬૦ ટકા (એસ.સી. / એસ.ટી. ૫૦ ટકા) માર્કસ મેળવેલા હોય તેવા વિદ્યાર્થીઓ વિજ્ઞાન પર આધારિત સંશોધનનો પ્રોજેક્ટ પૂર્ણ કરી તેની હાર્ડકોપી સાથે અરજી કરી શકે છે. બેઝીક સાયન્સ / ઈજનેરી / આર્કિટેકચરમાં બીજા વર્ષમાં ભણતાં વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષમાં ૬૦ ટકા (એસ.સી. / એસ.ટી. ૫૦ ટકા) જરૂરી છે.

**મેડીસીન**

**(૫) સ્ટ્રીમ એસ.પી. (ચિકિત્સાશાસ્ત્ર):** જે વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમિયાન એમ.બી.બી.એસ. અભ્યાસમાં પ્રથમ કે દ્વિતીય વર્ષમાં ભણતા હોય તથા આવા વિદ્યાર્થીઓએ જો ધોરણ-૧૨માં વિજ્ઞાનનાં વિષયોમાં ૭૫ ટકા (એસ.સી. / એસ.ટી. ૬૫ ટકા) ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ ક્રિએટીવ બાયોમેડિકલ પ્રોજેક્ટની હાર્ડ કોપી સાથે અરજી કરી શકે છે. એમ.બી.બી.એસ. બીજા વર્ષમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે પ્રથમ વર્ષમાં ૬૦ ટકા (એસ.સી. / એસ.ટી. ૫૦ માર્કસ) હોવા જરૂરી છે.

**અરજીપત્રઃ** અહીં દરેક સ્ટ્રીમ માટે અલગ અલગ અરજીપત્ર છે. અહીં ઉમેદવાર અરજીપત્રની હાર્ડકોપી દ્વારા અથવા ઓનલાઇન બંને રીતે અરજી કરી શકશે. આ અંગેની વિશેષ માહિતી માટે તથા ઓનલાઇન અરજી માટે નીચેની વેબસાઇટ પર સંપર્ક કરવો.

KVPY, Indian Institute of Science, Bangalore-12

Website:-

www.kvpy.org.in

www.iisc.ernet.in/kvpy

ઓનલાઇન અરજીની છેલ્લી તા.૯ સપ્ટેમ્બર, ૨૦૧૦ છે.

**★ અર્બન ગવર્નન્સ પી.જી. અભ્યાસઃ-**

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ દ્વારા ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી સાથે જોડાઈને એક વરસની મુદતનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન અર્બન ગવર્નન્સ (PGDUG) અભ્યાસ ડિસ્ટન્સ લર્નિંગ મોડથી શરૂ કરવામાં આવ્યો છે. હાલ આ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે અરજી કરી શકાય છે.

**લાયકાતઃ** આ માટે કોઇ પણ શાખાનાં સ્નાતકો પ્રવેશપાત્ર છે.

**પ્રવેશપત્રઃ** અહીં પ્રવેશ અંગેની માહિતી માટે ઈન્સ્ટિટ્યૂટની નીચેની વેબસાઇટ પર સંપર્ક કરવો.

All India Institute pf Local Self Governmenr, Ahmedabad,

Phone: (079) 25601296 / 25601978

Email: ahmedabad@aiilg.org

website: www.aiilsg.org

**વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગર**

## આપનું સપ્તાહ કેવું જશે

**તા. ૬-૯-૧૦ થી તા.૧૨-૯-૧૦ સુધી**

**લેખક : જયોતિષાચાર્ય હંસરાજ ફો.નં. ૦૨૬૧ - ૨૭૩૨૯૧૭**

E.mail bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ) :-** સપ્તાહ દરમિયાન આપની રાશિનો સ્વામી મંગળ સાતમે શુક્ર સાથે આવતો હોવાથી આવનાર દોઢ માસ સુધી ભાગીદારી, દાંપત્યજીવન, પ્રેમપ્રકરણ, કોર્ટકચેરી, નોકરી-ધંધામાં પરેશાની કે અવરોધનો અનુભવ થાય. દુષિત લગ્નજીવન અને છૂટાછેડાના ઝઘડાંવાળા જાતકોએ સહન કરવાનું થાય. સ્ત્રીવર્ગને ગુપ્તાંગની સમસ્યા સતાવે. આર્થિક બાબતે ખોટું સાહસ થવાની સંભાવના વધશે. સમાજજીવનમાં સહન કરવાનું આવશે. વાહન, પાણી વગેરેથી પણ સાવધાન રહેવું. ઉપરાંત વીકમાં બહારગામની અવરજવર વધે. વાતાવરણ પ્રતિકૂળ થાય. શેરબજારમાં લાભ થાય. મિત્રોનો સાથ મળશે. નોકરિયાત વર્ગને જવાબદારીઓ વધશે. આર્થિક રીતે મિશ્ર અનુભવ રહેશે. રોમેન્ટીક મુલાકાતો થાય.

**વૃષભ (બ,વ,ઉ) :-** સપ્તાહ દરમિયાન આપના છઠે સ્થાનમાં રાશિ સ્વામી શુક્ર સાથે મંગળનો યોગ થતો હોવાથી ખાવાપીવાના શોખીન લોકોને આરોગ્યની તકલીફ કરશે. નોકર-ચાકર અને ચોર-લૂંટારુથી સાવધાન રહેવું. અકસ્માત, તાવ, ગરમી, આગથી પણ સહન કરવાનું થાય. મોજશોખ પાછળ ખર્ચાઓ વધશે. શત્રુઓની વૃદ્ધિ થાય. નોકરિયાત વર્ગે સહકર્મચારીઓ સાથે તાલમેળ રાખવો. વાણી ઉપર કાબુ રાખવો. ઉપરાંત મિત્રો, ભાઇ-બહેનો વગેરેનો સાથ મળે. શેરબજારમાં ધ્યાનથી કામ કરવું. નોકરી-ધંધાની જગ્યાએ સાવધાની રાખવી. આર્થિક વ્યવહાર કાળજીપૂર્વક કરવા. અચાનક બહાર જવાનું થાય. પ્રેમપ્રકરણોમાં કડવાશ આવે. નોકરિયાત વર્ગને લાભ થશે. નવી નોકરીની શક્યતા વધશે.

**મિથુન (ક,છ,ઘ) :-** સપ્તાહ દરમિયાન પાંચમા ભાવમાં શુક્ર સાથે મંગળનું આગમન આવનાર દોઢ માસ સુધી શેર, સટ્ટા, જુગાર, લોટરીની લાલચથી બચવું. ખોટું સાહસ કરવાની પ્રેરણા મળશે. સંતાનો સાથે સંઘર્ષ થાય. સંતાન ચિંતા વધે અને સંતાનોને લઇને ખર્ચા વધશે. વિદ્યાભ્યાસમાં સાવધાની રાખવી. પ્રેમપ્રકરણો પરેશાન કરશે. વિલાસીવૃત્તિ સહજ બનશે. રોમેન્ટીક અને સાહસિક બનશો. ઉપરાંત વીકમાં આર્થિક રીતે પ્રગતિ થાય. કુટુંબિક કાર્યો પાર પડશે. ઊઘરાણી આવે. પ્રવાસમાં લાભ થાય. શિક્ષણ, સંગીત, સાહિત્ય, લેખન, કલા, નૃત્ય, દલાલી વગેરેમાં અચાનક તક મળશે. પણ દરેક જગ્યાએ પ્રતિકૂળતાનો અનુભવ થાય. અચાનક વારસા અને ઘર, જમીન વગેરેના પ્રશ્નો પરેશાન કરશે. મિત્રોનો સાથ મળશે.

**કર્ક (ડ,હ) :-** સપ્તાહ દરમિયાન ચોથે શુક્ર સાથે આવતો મંગળ આવનાર દોઢ માસ માટે ઘરમાં માતા-પિતા, વડીલો સાથે સંઘર્ષમાં ઉતારશે. જો કે જમીન, ઘર, વાહન, મકાન, મિલકતથી લાભ પણ થશે. રોમેન્ટીક બનશો. વિદ્યાભ્યાસમાં સાવધાની રાખવી. આરોગ્યમાં પેટની તકલીફ થાય. ઘર અને કુટુંબમાં કકળાટભર્યુ વાતાવરણ રહેવાથી અશાંતિનો અનુભવ કાર્ય અવરોધ કરાવશે. નોકરીમાં સાવધાની રાખવી. આગ, અકસ્માતથી પણ સાવધાન રહેવું. ઉપરાંત ક્રિએટીવ પ્રવૃત્તિ થાય. સમાજમાં માન સન્માન મળે. આર્થિક લાભ થાય. પ્રવાસમાં પરેશાની થાય. નોકરી-ધંધામાં અચાનક આવક વધશે. સાથે ખર્ચા પણ થશે. પ્રેમપ્રકરણો સરળ બનશે.

**સિંહ (મ,ટ) :-** સપ્તાહ દરમિયાન ત્રીજે આવતો મંગળ આવનાર દોઢ માસ સુધી ભાઇ-બહેન-મિત્રો વગેરે સાથે વિવાદમાં ઉતરવાનું ટાળવું. મુસાફરીમાં સાવધાની રાખવી. ખાસ કરીને રેલ્વે મુસાફરીમાં સંભાળવું. લાંબી મુસાફરી થાય. વહીવટીક્ષેત્રે સફળતા મળશે. સાહસમાં સિદ્ધિ મળે. હાથ પરના કામ પાર પડશે. પ્રવાસમાં કોઇ બનાવી જશે. વાણી ઉપર સંયમ રાખવો અને લેખન સાથે સંકળાયેલ પત્રકાર વગેરે ભાષા પર સંયમ રાખવો. વાણી અને વિચારો ઉગ્ર બનશે. વળી, વીકમાં આંખ-દાંત વગેરેનું લઇને ખર્ચા થાય. સમાજસેવા, વિદેશ, હોસ્પિટલ, નર્સીંગ, ધર્મકર્મ ને સંલગ્ન લોકોને લાભ થાય. પાણીથી દૂર રહેવું. માનસિક પરેશાની ભૂલો કરાવશે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી જરૂરી રહેશે.

**કન્યા (પ,ઠ,ણ) :-** સપ્તાહ દરમિયાન આપના બીજા સ્થાનમાં શુક્ર સાથે મંગળનો પ્રવેશ થાય છે. મહેનત અને પુરૂષાર્થથી ધન કમાવવાની તકો પૂરી પાડશે. ઉંમરલાયકના વિવાહની વાતમાં ગતિ આવે. વાણી અને ભાષા સ્પષ્ટ થશે. આંખ-દાંતના દર્દીઓએ સાવધાન રહેવું. ખર્ચા વધશે. કુટુંબમાં મતભેદ થાય. આર્થિક બાબતે ખોટું સાહસ થવાની શક્યતા રહેશે. ખાવા-પીવા અને મોજ-શોખ પાછળ ખર્ચા થાય. વાણી સાથે સંલગ્ન લોકોએ સાવધાની રાખવી. બુદ્ધિનો ઉપયોગ સારા કામે કરીને પૈસા કમાવવા. વળી, વીકમાં શેર, સટ્ટા, લોટરીથી લાભ થાય. મિત્રોનો સાથ મળે. પ્રેમપ્રકરણો હૂંફાળા થાય. વિદેશના કામમાં અવરોધ આવશે. પ્રવાસમાં સાવધાની રાખવી. માનસિક સમતુલન રાખવું. નહીં તો ભૂલો ભારે પડશે.

**તુલા (ર,ત) :-** સપ્તાહ દરમિયાન આપની રાશિના સ્વામી સાથે મંગળનું ભ્રમણ દોઢ માસ માટે થનાર હોવાથી આગ, અકસ્માત, પાણી, પડવા-વાગવાથી સંભાળવું. આત્મવિશ્વાસ વધશે. વધુ પડતો રોમેન્ટીક મુડ રહેશે. સાહસિક કાર્યો પાર પડશે. સ્વભાવ ઉગ્ર અને ઝડપી બનશે. સ્વતંત્ર પ્રકૃતિવાળા માન-અપમાનની ભાવનાથી પીડાશે. જે પ્રગતિમાં રૂકાવટ લાવશે. વહીવટીક્ષેત્રે સફળતા મળશે. ઉપરાંત નોકરી-ધંધામાં નવા પરીવર્તનો આવે. ફેશન, સૌંદર્ય, સંગીત, લેખન, શેરબજાર, ગારમેન્ટ ક્ષેત્રે પ્રગતિ થાય. સ્ત્રીવર્ગથી લાભ થશે. શેરબજારમાં તક મળશે. સમાજ, સોસાયટી, વિદેશ પ્રવાસ, હોસ્પિટલ, ધર્મ-કર્મ ને સંલગ્ન લોકોને પણ નવી તક મળશે. પણ માનસિક શાંતિ ઓછી મળે અને ખર્ચા વધશે. આરોગ્ય સાચવવું.

**વૃશ્ચિક (ન,ય) :-** સપ્તાહ દરમિયાન આપની રાશિનો સ્વામી શુક્ર સાથે બારમા ભ્રમણ લેતો હોવાથી સાવધાન થઇ જવું. આવનાર દોઢ માસમાં નવા દુશ્મનો પેદા ન કરવા અને શત્રુઓથી સાવધાન રહેવું. પોલીસ લફરા થાય. ચોર-લૂંટારુથી બચવું. કોઇના કાવતરાના ભોગ ન બનાય તેનું ખાસ ધ્યાન રાખવું. વિશ્વાસઘાત થાય. પ્રેમપ્રકરણો પરેશાન કરશે. આરોગ્ય લઇને ખર્ચા વધે. આંખ-દાંતની પીડા સતાવશે. નોકરી-ધંધાની જગ્યાએ પણ સાવધાની રાખવી. ઉપરાંત વીકમાં આયાત-નિકાસ, ઉચ્ચ વિદ્યાભ્યાસ, યાત્રા, પ્રવાસ, ધર્મ-કર્મ, દરિયાઇ વેપાર, પર્યટન ને સંલગ્ન કામ થશે. જાહેરજીવનમાં સફળતા મળશે. શેરબજારમાં સાવધાની રાખવી. માનસિક પીડાનો અનુભવ થશે.

**ધન (ભ,ધ,ફ,ઢ) :-** સપ્તાહ દરમિયાન લાભસ્થાનમાં શુક્ર સાથે આવતો મંગળ આવનાર દોઢ માસ માટે સામાજિક પરિચયોમાં કડવાશ પેદા કરવો, મિત્રો સાથે મત ઊભા કરવા, મિત્રોની જામીનગીરીમાં કડવા અનુભવ થવા, સંતાનોથી મુસબતો ઊભી થવી, ઈર્ષ્યાળું કે સ્વાર્થી મિત્રોથી નુકસાન થવું, ખોટા લોકોની ખોટી સલાહનો ભોગ બનવું વગેરે સહજ રીતે બનવાની શક્યતા રહેશે. સાથે હાથ પરના કાર્યો પાર પડે. ઉચ્ચકોટીના અને વફાદાર મિત્રોનો સાથ મળે. પ્રેમપ્રકરણોમાં આવેગ અને રોમાંન્સનો અનુભવ થાય. વળી, વીકમાં અચાનક ધનલાભ થાય. સરકારી કામકાજ સરળ બને પણ પાણીજન્ય રોગ અને પાણીથી સહન કરવાનું થશે. વિદેશથી શુભ સમાચાર મળે. નોકરી-ધંધામાં અણગમતા પરિવર્તનો અશાંતિ પેદા કરશે. જવાબદારી વધે અને આર્થિક રીતે લાભ થશે.

**મકર (ખ,જ) :-** સપ્તાહ દરમિયાન કર્મસ્થાનમાં આવતો મંગળ શુક્ર સાથે યોગ કરતો હોવાથી કલાક્ષેત્રે પ્રગતિ થશે. વિચારો સ્વતંત્ર અને અભિમાની બને. મહત્ત્વકાંક્ષાઓ પ્રબળ બનશે. પિતા સાથે સંઘર્ષ વધશે. અચાનક આર્થિક લાભ થાય. નોકરી-ધંધામાં તક મળે. ઝડપથી આગળ આવવાનું બનશે. ઉપરી અધિકારી અને સહકર્મચારીઓ સાથે તાલમેળ રાખવો. લાંબા સમયથી અટકેલાં કામ પાર પડશે. ભાગ્યનો સાથ મળે. યશ-કીર્તિમાં વધારો થાય. વળી, વીક દરમિયાન દાંપત્યજીવન, ભાગીદારી, સમાજજીવન, જાહેરજીવન, રોજીન્દી પ્રવૃત્તિ, સરકારી કામકાજમાં સફળતા અને યશ મળે. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું. વિદેશનું કામ, પ્રવાસ, ધર્મ-કર્મ, શિક્ષણ, પ્રકાશન, લેખન, મુદ્રણ જેવા કામમાં અવરોધ આવે, છતાં કાર્યો પાર પડશે.

**કુંભ (ગ,સ,શ,ષ) :-** સપ્તાહ દરમિયાન ભાગ્યમાં રહેલ શુક્ર સાથે મંગળનો યોગ દોઢ માસ માટે થશે. જે કલા, સંગીત, નૃત્ય, કાયદાકાનુનમાં તક આપશે. ઉપરાંત, વિચારો ઉગ્ર બને. સગાંસંબંધીઓ સાથે મતભેદ પણ ઉગ્ર બનશે. સ્વભાવ ગરમ અને ગુસ્સાવાળો થાય. લાંબી મુસાફરીમાં સહન કરવાનું બને. પાણીથી સાવધાન રહેવું. ધર્મ-કર્મ બાબતમાં ગુંચવાડો પેદા થાય. માટે વાદ-વિવાદથી દૂર રહેવું. વળી, વીકમાં નવી નોકરીના યોગ બને છે. ચાલુ નોકરીમાં લાભ થાય. સરકારી કાર્યો પાર પડે. આરોગ્ય પરેશાન કરશે. દાંપત્યજીવનમાં અસંતોષ પેદા થાય. રોજીન્દી પ્રવૃત્તિ કંટાળાજનક લાગશે. કામકાજમાં અવરોધ આવે. મિત્રોનો સાથ ઓછાં મળશે. આંખ-દાંતની પીડા થાય. વીકના અંતે અચાનક લાભથી ઉત્સાહ વધશે.

**મીન (દ,ચ,ઝ,થ):-** સપ્તાહ દરમિયાન આઠમે રહેલ શુક્ર સાથે મંગળના આઠમા ભરડામાં આવતા હોવાથી, ખાણી-પીણી અને આહાર-વિહાર પર કાબુ રાખવો. પાણી, આગ, અકસ્માત, ચોરી, લૂંટફાટ વગેરેથી સહન કરવાનું થાય. કોર્ટ-કચેરીમાં સહન કરવું પડે. પ્રવાસમાં પરેશાની આવે. દાંપત્યજીવનમાં ગરબડ થાય. શરીર પર ઓપરેશનના યોગ થાય. આવનાર દોઢ માસ માટે આરોગ્યની ખાસ કાળજી રાખવી. વાહન કાળજીપૂર્વક હાંકવું. વળી, વીકમાં અચાનક ધનલાભ થાય. શેરબજારથી લાભ થાય. વિજાતિયે મુલાકાતો થાય. નોકરીમાં તક મળે. દાંપત્યજીવન, ભાગીદારી, કુટુંબ અને જાહેરજીવનમાં સાવધાની રાખવી. આર્થિક બાબતે પણ સાવધાન રહેવું.